# અરૂણોદય

માર્ચ-૨૦૨૩
અંક - ૫૧

સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

અનુક્રમણિકા

- હોળીમાં રંગોનું મહત્વ
- નારી-ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન
- પરીક્ષા વિદ્યાર્થી માટે રણાંગણ
- *Photography*
- *Valentine's Day*
- વિજ્ઞાન દિવસ
- ચાર્મી ના ચાબખાં
- ખબર નથી કેમ પપ્પા હંમેશા પાછળ રહી જાય છે
- શાળાની પ્રવૃત્તિઓ



ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ માર્ચ - ૨૦૨૩ ,અંક-૫૧ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# હોળીમાં રંગોનું મહત્વ



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

હોળી રંગોનો તહેવાર છે અને આ પર્વમાં દરેક રંગનું પોતાનું મહત્વ છે. આમ તો સાત સૂરની જેમ સાત રંગો મહત્વના ગણાય છે. હોળીના દરેક રંગો માનવીના જીવન પર આગવો રંગ છોડી જાય છે. રંગોનું આગવું જ્યોતિષ છે. જેથી તમે પણ હોળી ધૂળેટી રમવા માટે તમારા માટે લકી કલરની પસંદગી કરી શકો છો. રંગના ઉપયોગથી માનસિક શાંતિ તેમજ ઉન્નતિ પ્રાપ્ત થાય છે.તમારે માનસિક રીતે મજબૂતી જોઈતી હોય તો તમે ગુલાબી રંગ કે ગુલાલથી ધૂળેટીનો આનંદ મનાવો

પીળો રંગ કૃષ્ણથી માંડીને ગણપતિ જેવા દરેક દેવને પસંદ છે. આથી સોના –ચાંદીનો વેપાર કરનારાએ પીળા રંગથી રંગે રમવુ શુભ મનાય છે.

લાલ રંગથી હોળી રમવી શુકનિયાળ છે. લાલ રંગ સ્વાસ્થ્ય અને યશમાં વૃદ્ધિ અપાવે છે. ભૂમિ સાથે જોડાયેલા લોકો જેમ કે ખેડૂત, બ્રોકર વગેરે માટે લાલ રંગથી ધૂળેટી રમવી શુકનિયાળ મનાય છે. વેપારી ,શિક્ષક,વકીલ, વિદ્યાર્થી અને લેખકોએ લીલા રંગથી રંગોત્સવની ઉજવણી કરવી જોઈએ.

લીલો રંગ બુધ ગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી કમ્પ્યૂટર અને હાર્ડવેર એન્જિનિયર લીલા રંગનો પ્રયોગ હોળી રમવા કરવો જોઈએ.અભિનેતા તેમજ રાજનીતિ સાથે જોડાયેલા લોકોએ વાદળી રંગથી હોળી રમવી જોઈએ.



# નારી-ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

પ્રાચીન ભારતનો ઈતિહાસ નારીઓની ગૌરવગાથાથી ભરેલો છે. **મનુસ્મૃતિમાં** કહેવાયું છે કે यत्र नार्यस्तु पुज्यन्ते तत्र रमन्ते देवता | ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન એટલે નારી.

જે સમાજમાં નારીનું સ્થાન સન્માનજનક હોય છે તે સમાજ એટલોજ પ્રગતિશીલ અને વિકસિત હોય છે. **માતાના રૂપમાં નારી પ્રથમ ગુરૂ છે.** વૈદિક કાળમાં નારીઓનું સ્થાન સન્માનજનક હતું પરતું સમયાંતરે નારીઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ. પુરુષ પ્રધાન સમાજની માનસિકતા, સમાજનો સ્ત્રી પ્રત્યેનો અણછાજતો વ્યવહાર જવાબદાર ગણાવી શકાય. નારી અબળા નહિ પરંતુ સબળા છે. પરંતુ સમાજ તેને બિચારી, બાપડી, લાચાર , દુબળી સમજી તેનું અપમાન કરતો આવ્યો. પરિણામે મધ્ય યુગમાં સ્ત્રીની આવી અવદશા થઈ.

ભારતનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ભારતીય નારી કેટલી સક્ષમ હતી. પત્ની ધર્મ નિભાવવા સીતા માતાએ રાજમહેલના સુખ-વૈભવ ત્યજીને વનવાસ સ્વીકાર્યો. અપમાનિત થયેલી દ્રોપદી કૌરવોના નાશનું કારણ બની. જીજાબાઈ જેવી માતાએ શૂરવીર શિવાજીને જન્મ આપી પોતાની કૂખ ઊજાળી. તારા જેવી માતાએ પુત્ર રોહિતમાં સચ્ચાઈ અને સત્યતાના પાઠો શીખવાડયા. **મહાન, હિતકારી અને લાજવંતી મહિલા** એ સમાજના ગૌરવ સમાન છે.

સમયના વેહણની સાથે જેમ જેમ નવા નવા પરિવર્તનો આવતા ગયા તેમ તેમ નારીના કાર્યક્ષેત્રમાં પણ બદલાવ આવ્યો છે. ઘરમાં ફક્ત ગૃહિણી ગણાતી મહિલા આજે હાથમાં હાઈટેક શસ્ત્રો, હથિયારો પકડીને દેશની સુરક્ષામાં ખડે પગે તૈનાત છે. અંતરિક્ષમાં ઓજસ પાથરતી કલ્પના ચાવલા, પ્રથમ આઈ.પી.એસ. પોલિસ અધિકારી કિરણ બેદી, ન્યાયાલયમાં ન્યાયધીશ તરીકે જસ્ટીસ ફાતિમા બીબી, દુનિયાનું સૌથી ઊચું એવરેસ્ટ શિખર સર કરનારી અરુણીમા સિન્હા કે જે પગમાં ખોડ ધરાવતા હોવા છતાં (દિવ્યાંગ) બરફ આચ્છાદિત આ શિખર સર કરી બતાવ્યું.

ગુણોના ભંડાર સમાન પોતાના આદર્શ વ્યક્તિત્વના લીધે નારી પૂજાતી હતી. પરંતુ ઝડપી યુગની આંધીએ ક્યાંક તેના આ મોભાદાર વ્યક્તિત્વમાં ઝાંખપ લાવી દીધી.

નારી સશક્તિ કરણનો મુદ્દો કેવળ ભારતમાં જ નહિ પરંતુ વિશ્વના બધા દેશમાં ચિંતનીય રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા 8મી માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઊજવણીની શરૂઆત થઈ પરંતુ ફક્ત એક દિનની ઊજવણીથી નારી પ્રત્યેના આદર અને ગૌરવને મૂલવી શકાય નહિ. નારી શક્તિ સ્વરૂપા છે. માત્ર કાયદા કાનૂન ઘડવાથી નારીનું સ્થાન સુરક્ષિત નહિ રાખી શકાય, પરંતુ સમાજે પોતાનો દૃષ્ટિકોણ બદલવો પડશે. માણસ એ ન ભૂલવુ જોઈએ કે નારી દ્વારા જ પોતે જન્મ પામીને આ વિશ્વમાં તેનું અસ્તિત્વ ઊભું થાય છે. ઈશ્વરને પણ માં વગર પોતાનું જીવન અધુરું લાગે છે. ઈશ્વરના આ ઉત્કૃષ્ટ સર્જનને શત શત વંદન.



**"નારી ને અબળા ન સમજો, નારી સબળા છે,**
**નારીને અબળા સમજે એ માનવ નબળા છે."**





# પરીક્ષા વિદ્યાર્થી માટે રણાંગણ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

માર્ચ અને એપ્રિલ માસ એટલે જાણે પરીક્ષાની મોસમ. પરીક્ષા આપવી કોને ગમે ? આવો સવાલ જો વિધાર્થીને પૂછવામાં આવે તો મોટા ભાગના વિધાર્થીઓનો જવાબ નકાર જ મળે. કારણ પરીક્ષા એ વિધાર્થી માટે અણગમતો કોયડો છે. **'જો આ પરીક્ષાઓ ન હોય તો'** એ વિષય પર વિધાર્થીને લખવાનું કહેવામાં આવે તો વિધાર્થી પાના ભરીને નિબંધ લખે. બીજા બધા વિષય પર નિબંધ લખવામાં તેને શબ્દો ન મળે. **જો પરીક્ષાઓ ન હોય તો ... એ વિચાર માત્ર તેને મોજમાં લાવી દે છે.**

પરંતુ માનવ જીવન કસોટીઓ , સંઘર્ષો અને મુશ્કેલીઓથી યુકત છે. હકીકતમાં જો પરીક્ષાઓ ન હોય તો વિધાર્થી જીવનનું કોઈ મહત્વ ન રહે. ડગલે ને પગલે કસોટીઓ છે. એ માંથી પાર ઊતરવું સરળ નથી.

આજકાલ વિધાર્થીઓ માટે પરીક્ષા નું નામ પડતાં તે પરસેવે રેબઝેબ થઇ જાય છે. પરીક્ષાના આ છૂપા ડર ને દૂર કરવો અત્યંત જરૂરી છે.

આભ્યાસ કરતા બાળક કે વિધાર્થી માટે **શિક્ષક, વાલી અને સમાજની સતત હૂંફ અને સહનુભૂતિ અત્યંત આવશ્યકછે.** પરીક્ષાનો બોજ હળવો થાય તે પ્રકારના પ્રયત્નો આવશ્યક છે.


બીજી એક ખૂબજ અગત્યની વાત કે એક બાળકની બીજા બાળક સાથે અભ્યાસ બાબતે સરખામણી કરવી જરા પણ ઊચિત નથી. સરખામણી કરવાથી બાળક હીન વૃતિ કે લઘુતા ગ્રંથીથી પીડાતો થઇ જાય છે. અપેક્ષા કરતાં વધુ ઊંચા પરિણામ માટે બાળક પર થતું દબાણ તેને સતત તણાવ માં રાખે છે. ક્ષમતા થી વધુ અપેક્ષા રાખવી ઊચિત નથી.

શાળા કક્ષાની કે બોર્ડની પરીક્ષાના માહોલને હળવો કરવા માટેના જો પ્રયત્નો નહિ થાય તો તે ઘાતક બનશે. અવારનવાર અખબારો માં વાંચવા મળતા સમાચારો થી આપણે ક્યાં અજાણ છીએ ? વિધાર્થીઓના આત્મહત્યાના બનાવો વધતા જાય છે. વિધાર્થીઓમાં સહન શક્તિ ઘટતી જાય છે. પળેપળ નિરાશામાં ધકેલાતો જાય છે જે ચિંતાજનક વિષય છે.

ચાલો, વિધાર્થીના સાચા રાહબર, માર્ગદર્શક બની પરીક્ષાની ભીતિ માંથી તેને મુક્ત કરવાના પ્રયત્નો કરીએ અને વધુ સારી રીતે પરીક્ષા આપી શકે તેવું **તંદુરસ્ત વાતાવરણ** નિર્માણ કરીએ...










# Photography



Research shows that sunsets have many psychological effects that enhance the long-lasting satisfaction of in life and physical benefits and have been proven to relieve stress. So next time you're having a rough day, drive to your favorite spot and watch your worries fade away.






*Bina D. Bhatt*
*Sec. School Teacher*














# Valentine's Day



**SWARANGI A. DANI**



Date : 7 / 4 /20

Dear Swara

You are the sweetest person I have ever met
For this, if anyone would say I can bet
You are my torchlight in the dark
And the roses grown in my heart's park
In my pain you are my relief
But such sweet words from me you would never believe
You are the shadow in the heat
With your support there is nothing I cannot beat.
You are the healing cream of my wound
Such great and sweet is our bond
You have always supported me
And you may not show but you love me maybe
We fight and laugh together
I hope this bond of our last forever.

♥

Sarange ♥





# 24મી ફેબ્રુઆરી વિજ્ઞાન દિવસ






Diya D. Patel
Std.-9

## કણ કણ માં વિજ્ઞાન

હરેક કણ માં છુપાયેલું વિજ્ઞાન
માનવ પ્રાણી કે વાનસ્પતિક વિજ્ઞાન
ખગોળ ભૂગોળ કે ગાણિતિક વિજ્ઞાન
ભૌતિક તાર્કિક કે રસાયણિક વિજ્ઞાન.

નરી આંખે દેખાતું કે અદ્રશ્ય વિજ્ઞાન
જળ બળ ને મળ માં વસેલું વિજ્ઞાન
કલામ, થોમસ કે હોમીભાભા નું વિજ્ઞાન
ન્યુટન, ગેલેલીયો કે વરાહમિહિર નું વિજ્ઞાન.

હકીકત કે વાસ્તવિકતા માં ગૂંથાયેલું વિજ્ઞાન
મંગળયાન ચંદ્રયાન ની ગરિમા નું વિજ્ઞાન
ઈસરો ની કોશિશ ને સિદ્ધિ નું વિજ્ઞાન
સી.વી.રામન ના 'રામન ઈફેક્ટ' નું વિજ્ઞાન.


## ચાર્મી ના ચાબખાં




ચાર્મી મુકેશભાઈ શાહ
D/o મુકેશભાઈ શાહ
PA to MD

महफिल में चाहे साथ हो या ना हो लेकिन
मुश्किल में साथी हमेशा साथ होते हैं।
जो. वी मेरे दोस्त हैं। और अगर उस
समय पर वी आपके साथ नहीं हैं.
जिस समय पर आपको उनकी सबसे
ज्यादा जरूरत है तो बेशक वी आपके
दोस्त नहीं हैं।






# ખબર નથી કેમ પપ્પા હંમેશા પાછળ રહી જાય છે



**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક

1. મમ્મી 9 મહિના સુધી વહન કરે છે, પપ્પા 25 વર્ષ વહન કરે છે, બંને સમાન છે, હજુ પણ ખબર નથી કે પપ્પા કેમ પાછળ છે.
2. માતા પરિવાર માટે પગાર વગર કામ કરે છે, પપ્પા પરિવાર માટે પોતાનો તમામ પગાર ખર્ચ કરે છે, તેમના બંને પ્રયત્નો સમાન છે, હજુ પણ ખબર નથી કે પપ્પા પાછળ કેમ છે.
3. મમ્મી તમને જે જોઈએ તે રાંધે છે, પપ્પા તમને જે જોઈએ તે ખરીદે છે, બંનેનો પ્રેમ સમાન છે, પરંતુ મમ્મીનો પ્રેમ શ્રેષ્ઠ તરીકે દર્શાવવામાં આવ્યો છે. ખબર નથી પપ્પા કેમ પાછળ રહી રહ્યા છે.
4. જ્યારે તમે ફોન પર વાત કરો છો, ત્યારે તમે પહેલા મમ્મી સાથે વાત કરવા માંગો છો, જો તમને દુખ થાય તો તમે 'મોન' રડો છો. જ્યારે તમને જરૂર હોય ત્યારે જ તમે પપ્પાને યાદ કરશો, પરંતુ શું પપ્પાને ક્યારેય ખરાબ લાગ્યું નથી કે તમે તેમને બીજી વખત યાદ નથી કરતા ? જ્યારે પેઢીઓથી બાળકો પાસેથી પ્રેમ મેળવવાની વાત આવે છે, ત્યારે ખબર નથી કે પપ્પા કેમ પાછળ રહી રહ્યા છે.

5. બાળકો માટે રંગબેરંગી સાડીઓ અને ઘણાં કપડાંથી કબાટ ભરાઈ જશે પણ પપ્પાના કપડાં બહુ ઓછા છે, તેમને પોતાની જરૂરિયાતોની પરવા નથી, હજુ પણ ખબર નથી કે પપ્પા પાછળ કેમ છે.
6. મમ્મી પાસે ઘણા સોનાના ઘરેણાં છે, પણ પપ્પા પાસે એક જ વીંટી છે જે તેના લગ્ન દરમિયાન આપવામાં આવી હતી. તેમ છતાં મમ્મી ઓછા દાગીનાની ફરિયાદ કરી શકે છે અને પપ્પા નથી કરતા. પપ્પા કેમ પાછળ રહી ગયા તે હજુ ખબર નથી.
7. પપ્પા પરિવારની સંભાળ રાખવા માટે આખી જિંદગી ખૂબ મહેનત કરે છે, પરંતુ જ્યારે ઓળખ મેળવવાની વાત આવે છે, ત્યારે ખબર નથી કે તે હંમેશા પાછળ કેમ રહે છે.
8. મમ્મી કહે છે, અમારે આ મહિને કોલેજનું ટ્યુશન ચૂકવવાની જરૂર છે, મહેરબાની કરીને તહેવાર માટે મારા માટે સાડી ન ખરીદો જ્યારે પપ્પાએ નવા કપડાંનો વિચાર પણ કર્યો નથી. બંનેનો પ્રેમ સમાન છે, હજુ પણ ખબર નથી કે પપ્પા કેમ પાછળ રહી રહ્યા છે.
9. જ્યારે માતાપિતા વૃદ્ધ થાય છે, બાળકો કહે છે કે, મમ્મી ઘરના કામકાજ સંભાળવામાં ઓછામાં ઓછી ઉપયોગી છે, પરંતુ તેઓ કહે છે, પપ્પા નકામા છે.*

પપ્પા પાછળ છે (અથવા 'પાછળ') કારણ કે તે પરિવારની કરોડરજ્જુ છે. તેના કારણે, આપણે આપણા પોતાના પર તો ઉભા રહેવા સક્ષમ છીએ. કદાચ, આ જ કારણ છે કે તે પાછળ છે .... !!!

તમામ પિતાઓને સમર્પિત

## શાળાની પ્રવૃત્તિઓ



એસ.પી.સી. ના વિદ્યાર્થીઓના વાલીઓની પોલીસના અધિકારી સાથે મિટિંગ







આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પતંગ બનાવવાની સ્પર્ધાનું આયોજન







આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પતંગોત્સવ






## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યુવા દિવસની ઉજવણી
## (મીની મેરેથોન)
















આઝાદી કા અમૃત
મહોત્સવ અંતર્ગત
પ્રવાસ






















આઝાદી કા અમૃત
મહોત્સવ અંતર્ગત
શહિદદિનની ઉજવણી



પ્રજાસતાક દિનની ઉજવણી














વિજ્ઞાન મેળામાં આપણી શાળાની કૃતિઓ રજુ કરતા વિદ્યાર્થીઓ
તથા તૈયાર કરાવનાર શિક્ષકશ્રીઓ









એસ.પી.સી. તાલીમ તથા વ્યક્તિ વિશેષ સાથે વાર્તાલાપ

# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ





